**Prabhat**

**June 17, 2026**
**Page No.02**

# જસદણ પટારી હેન્ડીક્રાફ્ટ જીઆઈ રજિસ્ટ્રેશન પ્રાપ્ત કર્યું; નાબાર્ડ સપોર્ટ ગુજરાતની પરંપરાગત હસ્તકલાને જાળવવામાં મદદ કરે છે

જીઆઈ રજિસ્ટ્રી દ્વારા ગુજરાતના જસદણ પટારીની પરંપરાગત હસ્તકલા ને વર્ષ ૨૦૨૫-૨૬ માટે જીઆઈ નોંધણી માટે મંજૂરી આપવામાં આવી છે, જે રાજકોટ જિલ્લાના જસદણ બ્લોકના કારીગરો માટે એક મહત્વપૂર્ણ સીમાચિન્હ છે. પેઢીઓથી પ્રચલિત, અનોખી હસ્તકલા ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને પરંપરાગત કારીગરીનો પુરાવો છે. રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ (નાબાર્ડ) એ તેની ગ્રામ્ય વિકાસ નિધિ (જીવીએન) હેઠળ જીઆઈ નોંધણી મેળવવા અનુદાન સહાય દ્વારા ટેકો આપ્યો છે. આ સહાય જીઆઈ ઉત્પાદન માટે જાગૃતિ પેદા કરવા, દસ્તાવેજીકરણ અને જીઆઈ અરજી પ્રક્રિયા માટે પૂરી પાડવામાં આવી છે. આ નોંધણી પ્રક્રિયા સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન (સીઈઈ ના માધ્યમ થી કરવામાં આવી હતી. આ પહેલા ગુજરાતમાં બે અન્ય ઉત્પાદનો - કચ્છમાં ૨૦૨૧-૨૨ માં અમલમાં મુકાયેલ અજરખ બ્લોક પ્રિન્ટ (૨૦૨૧-૨૨ માં મંજૂર) અને અમલસાડ ચીકુ (નવસારી) (૨૦૨૧-૨૨ માં મંજૂર) માટે આ સહાય આપવા માં આવી હતી. આ બંને ની જીઆઈ નોંધણી જે બંનેએ સફળતાપૂર્વક પૂરી થઈ ચૂકી છે. જીઆઈ ટેગ મળવાથી હસ્તકલા ઉત્પાદકો ને નકલ સામે હસ્તકલાને કાનૂની રક્ષણ પૂરું પાડે છે, તેના બજારને વધારે છે, સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વેપાર માટે વધુ સારી તકો ઉભી કરે છે. કૃષિ ઉત્પાદનોના કિસ્સામાં તે ખેડૂતો માટે બજાર જોડાણો ને મજબૂત પણ બનાવે છે.

નાબાર્ડના જણાવ્યા મુજબ આ ઓળખાણ પરંપરાગત જ્ઞાન ને આગળ વધારવા માં મદદરૂપ થશે. સાથે સક્રિય ગ્રામીણ આજીવિકાને જાંળવવામાં અને યુવા કારીગર સમુદાયોની વધુ ભાગીદારીને પ્રોત્સાહિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.